# અરૂણોદય

ફેબ્રુઆરી-૨૦૨૪
અંક - ૫૬

સંપાદકીય બોર્ડ
- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા

GSECL

GMDC
FUELING THE GROWTH



## અનુક્રમણિકા

- માતૃભાષા વિશે ચિંતન
- जय श्री राम
- "સૌના હૃદયમાં રામ, સૌના પ્યારા રામ."
- "બનાવીશું ભારત, તો બનશે ભારત"
- બે અક્ષર
- સમય સાથે જઈએ નહીતર...
- શાળાની પ્રવૃત્તિઓ

ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

# તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ‘‘અરૂણોદય’’ ફેબ્રુઆરી-૨૦૨૪ ,અંક-૫૬ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઇપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી

# માતૃભાષા વિશે ચિંતન




શ્રી એસ.જે.મહેતા
ઈ. આચાર્યશ્રી , એસ.કે.વી.વિદ્યાલય
વર્માનગર


* “ વિચારોને વ્યકત કરવાનું માધ્યમ એટલે ભાષા. જે ભાષામાં વિચારીએ , સ્વપ્નાં નિહાળીએ એ માતૃભાષા. ગળથૂથીમાં ઘૂંટાઈને હર્દયમાં સીંચાયેલ ભાષાનું ગૌરવ એટલે માતૃભાષાનું ગૌરવ ” - શ્રી નરેન્દ્ર મોદી ( ભારતના માનનીય વડાપ્રધાન)

* “ મારી માતૃભાષા ગમે તેટલી અધૂરી હોય તોયે, માંની છાતીએથી હું અળગો ન થાઉ તેમ , હું માતૃભાષાથી અળગો ન થાઉ. મારા જીવનને ઘડનારું દૂધ મને તેના સિવાય બીજે કયાંથી મળે ? ” – મહાત્મા ગાંધીજી

* “ માતૃભાષા વગર નથી આનંદ , નથી અભિવ્યકિત કે નથી વ્યકિતવિકાસ.” – રવીન્દ્રનાથ ટાગોર

* “ માતાના હાથે ભોજન , માતાની વાણીમાં શિક્ષણ. નાના બાળકોને શિક્ષણ એમની પોતાની માતૃભાષામાં આપવાના બદલે પારકી ભાષામાં આપશો તો એ બાળકો નિવીર્ય બનશે. એમની ગ્રહણશકિત બુઠ્ઠી બનતી જશે.” – વિનોબા ભાવે

* “ બાળકને પોતાની માતૃભાષામાં શીખવા ન દેવું એ એમની સામેનો મોટો ગુનો છે.” પ્રો. યક્ષપાલ( વિખ્યાત વૈજ્ઞાનીક)

* “ માતૃભાષાનું શિક્ષણ વ્યકિતનું નિર્માણ કરે છે., ચારિત્ર્યનું ઘડતર કરે છે અને સંસ્કારોનું સિંચન કરે છે.” – ઉમાશંકર જોષી

* “ જે દિવસે આપણે મેડિકલ , ઈજનેરી સહિતના તમામ ક્ષેત્રોનું શિક્ષણ માતૃભાષામાં જ આપીશું ત્યારે જાપાન અને ચીન જેવી વૈજ્ઞાનિક ક્રાંતિ કરી શકીશું. ત્યાં વિધાર્થીઓને શાળા થી કોલેજ સુધીના દરેક વિષયના અભ્યાસક્રમો તેમની માતૃભાષામાં જ ભણાવવામાં આવે છે.” – ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ

( સંકલન )



# जय श्री राम



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

चारो तरफ बस राम नाम छायो |
जयश्री रामका नारा गुंजआयो,
सैकाओके विवादो का सुखद अंत आयो,
अयोध्या में राम मंदिर स्थपायो |

कलश पुजा विधि हरघर आरंभायो,
राम नाम की सुगंध चहुदिश फेलायो,
पवित्र अक्षत हरघर पहोचायो |
अयोध्या में राम मंदिर स्थपायो |

हरद्वार आसोपालव सुहायो ,
रंगोली हर आंगन सुहायो ,
सुने मन में रंग जगायो ,
अयोध्या में राम मंदिर स्थपायो |

कोई राम कोई सीता बन आयो ,
कोई शबरी कोई हनुमान बन आयो ,
चोतरफ राम भक्त छवायो,
अयोध्या में राम मंदिर स्थपायो |

साधु – संत , बुढे और बच्चे , राम आगमन में धून लगायो,
राम भजन हर मंदिर गजायो,
राम नामको भगवो हरघर लहरायो ,
अयोध्या में राम मंदिर स्थपायो |



प्राळ प्रतिष्ठा का दिन आयो ,

दीपोत्सव कर दिवाली मनायो,

हर दीप दीप में राम प्रगटायो ,

हर गांव , हर मंदिर अयोध्या बनायो ,

अयोध्या में राम मंदिर स्थपायो |



# “સૌના હૃદયમાં રામ, સૌના પ્યારા રામ.”



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

માનવ માત્રના મુખે સદા રમતું નામ એટલે રામ નું નામ . લોક માનસ પર રામનું જબરદસ્ત પ્રભુત્વ રહેલું છે. ‘મર્યાદા પુરુષોત્તમ’ રામનું અવતરણ ભલે હજારો વર્ષ પહેલાં થયું હોય છતાં પણ આજે રામ માનવના હ્રદય સમ્રાટ રહયા છે.

માત્ર એક – બે નહિ પરંતુ પાંચ – પાંચ પેઢીના અવિરત કર્મયોગ થી રામ આ ભારતીય ભૂમિ પર અવતર્યા જેથી આપણી ભૂમિ પવિત્ર ભૂમિ ગણાય છે. પુત્ર તરીકે, પતિ તરીકે , શિષ્ય તરીકે , પિતા તરીકે , મિત્ર તરીકે , શત્રુ તરીકે બધી જ બાબતો માં રામ ખરા ઊતર્યા છે. માનવજીવનના તમામ વ્યવહારોમાં રામ એવા તો વણાઈ ગયા છે કે ડગલેને પગલે રામ સ્મરણ થઈ જ જાય.

વાલ્મિકી , તુલસીદાસ જેવા મહાન ઋષિઓ રામના ગુણોનું ગાન કરી શકે. આપણા જેવા માનવ તેમની મહિમાનું શું ગાન કરી શકવાના ?

“રઘુકુલ રીત સદા ચલી આઇ
પ્રાણ જાયે પર વચન ન જાયે”

આપણાં જેવા માટે રામનું જીવન એક ડેમોસ્ટ્રેશન છે. સુખ દુ:ખ , તડકો - છાયો , યશ – અપયશ,માન - અપમાન , રાગ - દ્વેશ દરેક સ્થિતિમાં જેમણે કદી પોતાની મર્યાદા નથી છોડી તેવા રામને સમજવા માટે આંખનો ડોળો નહિ પણ દૃષ્ટિ જોઈએ.

રામ જ્યારે કિશોરાવસ્થામાં વિધાભ્યાસ માટે ગયા ત્યારે અયોધ્યાના કુંવર હતા. રાક્ષસો સામે લડવા માટે તેમને વિશ્વામિત્ર લઇ ગયા ત્યારે રામે એમ નહોતું કહ્યું કે હજુ અમારી ઉંમર નથી થઇ. અમારો અભ્યાસ બાકી છે. અમે મહેલ છોડીને નહિ આવીએ. ધર્મ , સંસ્કૃતિના રક્ષણ માટે તેમજ આસુરી વૃતિ સામે લડીને પોતાનું જીવન ધન્ય બનાવ્યું છે. રામાયણ કાળમાં સૌના મુખે એક જ વાત હતી : ‘રામ રાજ્ય પ્રજા સુખી !’

એમ તો આપણે પણ આજે રામ રાજ્ય ઝંખી રહ્યા છીએ. ત્યારે શાસકો રામ જેવા અને સામે પક્ષે પ્રજા પણ અયોધ્યા જેવી થાય ત્યારે રામ રાજ્ય આવે.

હદયમાં રામ છે તો આપણું જીવન છે , નહિતર રામ બોલો ભાઈ રામ. સાચી શ્રધ્ધા અને ભાવનાથી લેવાતા રામના નામથી પથ્થર પણ તરી જાય છે તે સત્ય છે.


આપણાં હદયમાં રહેલાં રામને ફરી જગાડવાનો સમય છે. રામના નામની સાથે રામને ગમે તેવા કામ પણ કરવા પડે.

'રામ નામ જપના, પરાયા માલ અપના' ની વૃતિ રાખનાર તેમજ 'મુખ મે રામ ,બગલમે છુરી' જેવા લોકોથી રામ રાજ્ય નિર્માણ નહિ થાય.

રામ નું નામ આપણા માટે એક ઊર્જા સમાન છે. ઊર્જા શક્તિ થી વહેતી અવિરત ધારાને વધુ વેગવાન બનાવી ને સમાજમાં વહેતી કરવાનું કામ સહિયારા પ્રયત્નોથી થશે તો રામરાજ્ય સ્વપ્ન નહિ પણ ખરેખર હકીકત બની જાય. નાની ખિસકોલી જેમ રામના કામમાં પોતાનું યોગદાન આપી ધન્ય થઈ તેમ આપણે પણ થોડું ઘણું યોગદાન આપી રામ રાજ્યના નિર્માણમાં સાક્ષી બનીએ.



# "ખનાવીશું ભારત, તો ખનશે ભારત"



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

જે દેશની માટી ચંદન થી પણ વિશેષ પવિત્ર છે. જે ભૂમિ અવતારોની ભૂમિ છે, જે ભૂમિ માં અલૌકિક દિવ્યતા અને સુગંધ છે તેવા ભારતના આપણે નાગરિક હોવું એ શું ખરેખર ગૌરવની વાત નથી ?

ભારતીય હોવાના નાતે દેશની સંસ્કૃતિને બચાવવી , તેનું જતન કરવું એ આપણી પવિત્ર ફરજ છે. ભારતને વિકાસશીલ રાષ્ટ્ર માંથી વિકસિત બનાવવાના આપણાં સંકલ્પો અને પ્રયત્નો જેટલા દૃઢ હશે તેટલા જ આપણે વિકસિત રાષ્ટ્રની હરોળમાં ભારતને નજીકના ભવિષ્યમાં લઈ જઈ શકીશું . દરેક નાગરિક જો આ મહાન સંકલ્પમાં તન , મન , ધન થી જોડાય તો અશક્ય લાગતુ સ્વપ્ન પણ શક્ય બનાવી શકાય છે. કોઈપણ રાષ્ટ્ર પોતાની આગવી વિચાર ધારા , રિવાજો ,સંસ્કારો ,મૂલ્યોને ટકાવી રાખે ત્યારે જ તે પોતાનું અલગ અસ્તિત્વ ઊભું કરી શકે છે. ફક્ત દર વર્ષે સ્વાતંત્ર્ય દિન કે પ્રજાસત્તાક દિનની ઊજવણી કરી જો આપણે સંતોષ માની ને બેસી જઈશું તો ફરી ભારતને 'સોનેક કી ચીડિયા' નહિ બનાવી શકીએ.

દરેક નાગરિકના ઈરાદા જેટલા મજબૂત તેટલો જ રાષ્ટ્ર મજબૂત બને. આઝાદીના 75 વર્ષો એળે ન જાય તે માટે ભારતના વિકાસ એન્જિન ને વધુ ગતિશીલ બનાવવું પડે. વિશ્વગુરુ તરીકેની ભારતની છાપ ઊભી થાય તે માટે દુનિયાને એક આદર્શ આપવો પડશે. તક્ષશિલા, નાલંદા જેવી વિધાપીઠોએ વિશ્વને જ્ઞાનનો આદર્શ પૂરો પાડયો છે. દેશમાં ઘર કરીને બેસેલા દુષણો : જાદિવાદ, ભ્રષ્ટાચાર , શિક્ષિત બેરોજગારી , પ્રદુષણ , મોંઘવારી સામે કટિબધ્ધ થવું પડશે. 'અધિકારો ભોગવવા ઈચ્છીએ છીએ તો ફરજ પણ અદા કરવી પડે' તે મંત્ર ન ભૂલીએ તો વિકસિત ભારત નિર્માણ કરી શકીશું.

કામચોરી , કરચોરી અને વીજચોરીએ તો માઝા મૂકી છે. તેવી સ્થિતિમાં ભારતને વિકસિત બનાવવું એક પડકાર છે. મારા રાષ્ટ્રએ મારા માટે શું કર્યુ એ પૂછવાને બદલે મેં રાષ્ટ્ર માટે શું કર્યુ ? તે વિચારવાનો વર્તમાન સમય છે.

નાગરિક અનુશાસનથી નીતિ નિયમોનાં પાલનથી , સહકાર અને ઐકય તેમજ પરસ્પર સન્માન જેવાં નૈતિક મૂલ્યો નું પાલન એટલું જ જરૂરી છે. પૂરી ઈમાનદારીથી કામ એ ખરેખર સાચી દેશભક્તિ જ છે. સાસ્કૃતિક વારસાને ટકાવવા માટે જાગૃત રહેવું પડશે નહિ તો આપણી જ નજર સામે આપણો દેશ લૂંટાઇ જશે.

કેલિફોર્નિયા , કેમ્બ્રિજ જઇ પૈસા દાવ પર લગાવીને ધનવાન થવા માટે જવાની જરૂર નથી પરંતુ આત્મનિર્ભર ભારત માટે દેશના યુવા ધનને યોગ્ય પ્રોત્સાહન , સાચી દિશા મળે તે માટે નક્કર પગલાં લેવાયતે પણ જરૂરી છે જેથી દેશના બુધ્ધિધનનો લાભ જે બીજા દેશો મેળવી રહયા છે તેમને ન મળે. આર્થિક વિકાસ ના લાભો દેશને મળવાથી વિકસિત રાષ્ટ્રનું સ્વપ્ન સાકાર થઇ શકશે.

જે દેશનું આપણે નમક ખાઇએ છીએ તે દેશ સાથે આચરાતી નમક હરામી માટે કોઇ પ્રાયશ્ચિત ન હોઇ શકે. ટોચની કર્તવ્ય ભાવના રાષ્ટ્રને વિકસિત બનાવવા માટે એટલી જ જરૂરી છે.

જેમ મને મારો બંગલો મારું ઘર શ્રેષ્ઠ બનાવવું ગમે છે તેમ દરેકને 'ભારત દેશ મને મારો લાગવા લાગે' ત્યારે જ શ્રેષ્ઠ ભારતનું , વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થાય . આ કંઇ એકલદોકલ વ્યક્તિથી નહિ પણ તમામ રાષ્ટ્રના નાગરિક ના સાથ , સહકારથી જ શક્ય બનશે. નેક રાષ્ટ્ર બનાવવામાં આપણું યોગદાન આપીએ અને સાચા નાગરિકની ભૂમિકા અદા કરીએ.




**એમ.એ.ગોસ્વામી**
માધ્યમિક શિક્ષક


# બે અક્ષર

રામ નામ બે અક્ષર
અને
કાળ, ક્રોધ , લોભ , મોહ અને માયા ના પણ બે અક્ષર
માટે રામનામ ની બે અક્ષર ની શક્તિ
તમારો અને મારો જન્મ થાય ત્યારે એ શરીર ને તન કહેવાય
તન ના બે અક્ષર
માથુ ના બે અક્ષર
વાળ ના બે અક્ષર
ભાલ ના બે અક્ષર
નાક ના બે અક્ષર
મૂછ ના બે અક્ષર
હોઠ ના બે અક્ષર
દાઢી ના બે અક્ષર
જીભ ના બે અક્ષર
દાત ના બે અક્ષર
આંખ ના બે અક્ષર
ગાલ ના બે અક્ષર

કાન ના બે અક્ષર
કાન ની બુટ ના બે અક્ષર
ગળા ના બે અક્ષર
બોચી ના બે અક્ષર
ખભા ના બે અક્ષર
હાથ ના બે અક્ષર
હાથ ની રેખા ના બે અક્ષર
કોણી ના બે અક્ષર
કાંડા ના બે અક્ષર
છાતી ના બે અક્ષર
કેડ ના બે અક્ષર
પેટ ના બે અક્ષર
નાભી ના બે અક્ષર
જાંઘ ના બે અક્ષર
પગ ના બે અક્ષર
પંજા ના બે અક્ષર
એડી ના બે અક્ષર
નખ ના બે અક્ષર
થાપા ના બે અક્ષર

અને તમારું અને મારું આયુષ્ય પુરુ થઈ જાય ને જે પ્રાણ નીકળે એ પ્રાણ પણ બે અક્ષર અને એ શબ ના પણ બે અક્ષર
અને એ શબ ચાર જણા ઉચકે એને ડાઘુ કહેવાય એ ડાઘુ ના બે અક્ષર .
આખી જીંદગી રામ નામ નહી બોલ્યા હોય તો છેલ્લે ઉચકયા પછી ડાઘુ ઓ બોલશે રામ બોલો ભાઈ રામ એ રામ ના બે અક્ષર એ સ્મશાન યાત્રા ની દોણી લઈને ચાલે એ દોણી ના બે અક્ષર
સ્મશાન મા જાય ને એ ચીતા હોય એ ચીતા ના બે અક્ષર અને અગ્નિ આપે અને શરીર સળગી જાય અને રાખ બને એ રાખ ના બે અક્ષર અને ટાઢી વાળે એ ટાઢી ના બે અક્ષર અને હાડકા લે એને હાડકા નઈ પણ ફુલ કહેવાય એ ફુલ ના બે અક્ષર અને એ ફુલ ને જે કુંભ માં રાખે એ કુંભ ના બે અક્ષર એ કુંભ ને જે ગંગા માં પધરાવવા માં આવે એ ગંગા ના બે અક્ષર અને છેલ્લે મોક્ષ મળે એ મોક્ષ ના બે અક્ષર

માટે કાળ, ક્રોધ , લોભ , મોહ  અને માયા ને ત્યાગી
સત્ય નો માર્ગ અપનાવવો અને રામનામ બોલો

જય શ્રી રામ

# સમય સાથે જઇએ નહીતર...



અનિલ પંડ્યા
સી.આસી.
અમદાવાદ

1998 માં, કોડકમાં 1,70,000 કર્મચારીઓ હતા અને વિશ્વના 85% ફોટો પેપર વેચ્યા હતા. થોડા વર્ષોમાં, ડિજિટલ ફોટોગ્રાફીએ તેમને બજારમાંથી બહાર કાઢી નાખ્યા. કોડક નાદાર થઈ ગયું અને તેમના તમામ કર્મચારીઓને શેરીમાં ફેંકી દેવામાં આવ્યા. .

HMT (ઘડિયાળ)
બજાજ (સ્કૂટર)
ડાયનોરા (ટીવી)
મર્ફી (રેડિયો)
નોકિયા (મોબાઈલ)
રાજદૂત (બાઈક)
એમ્બેસેડર (કાર)



મિત્રો,

એ બધાની ક્વોલિટીમાં કોઈ કમી ન હતી, છતાં માર્કેટની બહાર હતા!!

કારણ???

તે સમય સાથે બદલાયો નથી.!!

તમને ખ્યાલ છે કે આવનારા 10 વર્ષોમાં દુનિયા સંપૂર્ણપણે બદલાઈ જશે અને આજે ચાલી રહેલા 70 થી 90% ઉદ્યોગો બંધ થઈ જશે.

ચોથી ઔદ્યોગિક ક્રાંતિમાં આપનું સ્વાગત છે...

ઉબેર માત્ર એક સોફ્ટવેર છે. તેની પાસે પોતાની એક પણ કાર નથી, તેમ છતાં તે વિશ્વની સૌથી મોટી ટેક્સી કંપની છે.

Airbnb વિશ્વની સૌથી મોટી હોટેલ કંપની છે, તેમ છતાં તેમની પોતાની એક પણ હોટેલ નથી.

Paytm, ola cabs, oyo રૂમ જેવા ઘણા ઉદાહરણો છે.

યુ.એસ.માં યુવા વકીલો માટે કોઈ કામ બાકી નથી, કારણ કે IBM વોટસન નામનું સોફ્ટવેર પળવારમાં વધુ સારી કાનૂની સલાહ આપે છે. આગામી 10 વર્ષમાં, 90% યુએસ વકીલો બેરોજગાર હશે... તે 10% બાકી રહેશે... તેઓ સુપર સ્પેશિયાલિસ્ટ હશે.

વોટસન નામનું સોફ્ટવેર મનુષ્ય કરતાં 4 ગણી વધુ ચોકસાઈ સાથે કેન્સરનું નિદાન કરે છે. 2030 સુધીમાં કોમ્પ્યુટર મનુષ્ય કરતા વધુ બુદ્ધિશાળી હશે.

આગામી 10 વર્ષમાં દુનિયાના રસ્તાઓ પરથી 90% કાર ગાયબ થઈ જશે... જે બચશે તે ઈલેક્ટ્રિક કાર અથવા હાઈબ્રિડ હશે... રસ્તાઓ ખાલી થઈ જશે, પેટ્રોલનો વપરાશ 90% ઘટશે, બધા આરબ દેશો નાદાર થઈ જશે..

તમે ઉબેર જેવા સોફ્ટવેર પરથી કારનો ઓર્ડર કરશો અને થોડી જ ક્ષણોમાં તમારા દરવાજે ડ્રાઈવર વિનાની કાર ઉભી હશે... જો તમે તેને કોઈની સાથે શેર કરશો તો તે સવારી તમારી બાઈક કરતા સસ્તી હશે.

ડ્રાઈવર વિનાની કારને કારણે 99% અકસ્માતો અટકશે.. આ કાર ઈન્સ્યોરન્સ નામનો ધંધો બંધ કરશે.

પૃથ્વી પર ડ્રાઈવર જેવી કોઈ નોકરી બાકી રહેશે નહીં. જ્યારે શહેરો અને રસ્તાઓ પરથી 90% કાર ગાયબ થઈ જશે, ત્યારે ટ્રાફિક અને પાર્કિંગ જેવી સમસ્યાઓ આપોઆપ સમાપ્ત થઈ જશે... કારણ કે એક કાર આજની 20 કાર જેટલી હશે.

આજથી 5 કે 10 વર્ષ પહેલાં એવી કોઈ જગ્યા નહોતી કે જ્યાં PCO ન હોય. પછી જ્યારે દરેકના ખિસ્સામાં મોબાઈલ ફોન આવ્યા, તો પીસીઓ બંધ થવા લાગ્યા.. પછી તે બધા પીસીઓએ ફોનના રિચાર્જ વેચવાનું શરૂ કર્યું. હવે રિચાર્જ પણ ઓનલાઈન થઈ રહ્યું છે.

શું તમે ક્યારેય નોંધ્યું છે..?

આજકાલ માર્કેટમાં દરેક ત્રીજી દુકાનમાં મોબાઈલ ફોન છે.

વેચાણ, સેવા, રિચાર્જ, એસેસરીઝ, સમારકામ, જાળવણી.

હવે બધું Paytm દ્વારા થાય છે.. હવે લોકોએ ટ્રેનની ટિકિટ પણ તેમના ફોનથી બુક કરાવવાનું શરૂ કર્યું છે.. હવે પૈસાની લેવડદેવડ પણ બદલાઈ રહી છે.. પહેલા ચલણી નોટનું સ્થાન પ્લાસ્ટિક મનીએ લીધું અને હવે તે ડિજિટલ થઈ ગયું છે. ટ્રાન્ઝેક્શન છે.

દુનિયા ખૂબ જ ઝડપથી બદલાઈ રહી છે..આંખો,કાન અને નાક ખુલ્લા રાખો નહિ તો પાછળ રહી જશો.. સમય સાથે બદલવા માટે તૈયાર રહો.

તેથી...

વ્યક્તિએ સમય પ્રમાણે પોતાનો વ્યવસાય અને સ્વભાવ બદલતા રહેવું જોઈએ.

"Time to Time update અને Upgrade"

સમય સાથે ચાલો અને સફળતા મેળવો.

# શાળાની પ્રવૃત્તિઓ

## શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર પ્રતિભા






Khan Alifa Aminkhan
Std-7










પતંગ બનાવવાની સ્પર્ધા








ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો પ્રવાસ





ધોરણ-૬ની વિદ્યાર્થીની
હેલી ચૈહાણે
તૈયાર કરેલ વિજ્ઞાનનો પ્રોજેકટ






અંગ્રેજી માદયમની વિદ્યાર્થીનીઓએ
કરેલ નાટક
(બેટી બચાવો , બેટી પઢાવો)






## શહિદદિન
## શાળામાં મૌન દ્વારા શ્રદ્ધાંજલી

## યુવા દિવસની ઉજવણી











આપણા પ્રોજકટ
પર ખાણ સુરક્ષા અને સ્વચ્છતા
સપ્તાહ ઉજવણીમાં
આપણી શાળાના વિદ્યાર્થીઓ

# આપણી શાળામાં
# તાલુકા કક્ષાની ખેલ મહાકુંભની સ્પર્ધા



# પ્રજાસતાક દિનની ઉજવણી

